# NSELમાં ઉભી કરાયેલી કટોકટીનો ઉપયોગ કરીને જિજ્ઞેશ શાહ દ્વારા સર્જવામાં આવેલા 'માર્કેટ' સામ્રાજયને તોડી પાડતા રાજકીય ષડયંત્રની દાસ્તાન

## માત્ર ૯૦ દિવસમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકે એમેઝોન અને ક્રોસવર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ ગુજરાતી આવૃતિ પ્રસિધ્ધ

ગુજરાતીઓની ઉધોગસાહિતકતા અને માર્કેટની નાડપારખુ શકિત સમગ્ર વિશ્વમા જાણીતી છે ભારતીય ઔદ્યોગિક જગતનાં ઈતિહાસમા એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાનાં દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌધ્ધીક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને ભુઠ્ઠીઉંચેરૂ સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાનાં ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શંતનૂ ગુહા રેએ 'ધ ટાર્ગેટ'નામનાં પુસ્તકમાં કર્યુ હતુ.

શંતનુ ગૂહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભુતપુર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટની ગુજરાતી આવૃતિ પ્રગટ કરાઈ છે.